# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 4-11-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

## આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) ઉત્તરાંખડના આલ્મોડામાં બસ ખીણમાં ખાબકતા 36નાં મોત... મૃતકોના વારસદારોને બે-બે લાખની સહાયની પ્રધાનમંત્રીની જાહેરાત
2) મોટી સંખ્યામાં મહિલાઓ કારકિર્દી તરીકે ઉડ્ડયન ક્ષેત્ર પસંદ કરી રહી હોવાનું જણાવતા રાષ્ટ્રપતિ
3) ત્રણ રાજ્યોની 14 વિધાનસભાની બેઠકોની પેટાચૂંટણીઓ હવે 13ના બદલે 20મી નવેમ્બરે યોજાશે
4) અમેરિકાના રાષ્ટ્રપતિપદની આવતીકાલે ચૂંટણી... ટ્રમ્પ અને હેરિસ વચ્ચે રસાકસીભર્યો ચૂંટણી જંગ
5) ગુજરાતના ખેલાડી હરમીત દેસાઈએ વેનેઝૂએલામાં ભારતનો ડંકો વગાડ્યો... વિશ્વ ટેબલ ટેનિસ ફિડર કારાકાસ સ્પર્ધામાં 2 ખિતાબ જીત્યા

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## EVE UTTARAKHAND ACCIDENT

ઉત્તરાખંડમાં, અલ્મોડા જિલ્લાના સુલતમાં આજે સવારે એક ગમખ્વાર અકસ્માતમાં 36 લોકો માર્યા ગયા અને અન્ય 19 લોકો ઘાયલ થયા. બસચાલકે બસ

પરનો કાબૂ ગુમાવતા બસ કુપીની ઊંડી ખીણમાં ખાબકી હતી. પંચાવન જેટલા પ્રવાસીઓસાથેની બસ પૌરીના નૈનીદાંડાથી રામનગર જઈ રહી હતી. દુર્ઘટનાની જાણ થતાં જ પોલીસઅને તંત્રની ટીમો ઘટના સ્થળે ધસી ગઇ હતી અને રાહત તેમજ બચાવ કાર્ય શરૂ કરી દીધુ હતું. સઘન રાહત અને બચાવ કામગીરીચાલી રહી છે. SDRF, NDRF, પોલીસ અનેસ્થાનિક સત્તાવાળાઓની ટીમો સક્રિયપણે સ્થળ પર બચાવ કામગીરી કરી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી,ઉત્તરાખંડના રાજ્યપાલ ગુરમિતસિંહ અને મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ દુ:ખદ જાનહાનિ પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે. મુખ્યમંત્રીએ ગંભીર રીતે ઘાયલ વ્યક્તિઓ માટે એરલિફ્ટિંગની વ્યવસ્થા કરવા અધિકારીઓને સૂચના આપી હતી. તેમણે કુમાઉ ડિવિઝનના કમિશનરને પણ આ ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસ કરવા સૂચના આપી છે. તેમણે પૌરી અને અલ્મોડામાં સંબંધિત વિસ્તારોના એઆરટીઓને સસ્પેન્ડ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે. વડાપ્રધાન મોદીએ અકસ્માતમાં મૃતકના દરેક મૃતકનાનજીકના સંબંધીઓને PMNRF તરફથી 2 લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયાની જાહેરાત કરી છે. ઘાયલોને 50,000 રૂપિયા આપવામાં આવશે. મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારજનોને 4 લાખ રૂપિયા અને ઘાયલોને 1 લાખ રૂપિયાની આર્થિક સહાયની પણ જાહેરાત કરી છે.

## PM RELIEF

દરમ્યાન, પ્રધાનમંત્રીએ અલ્મોડામાં બસ અકસ્માત અંગે, દુ:ખ વ્યક્ત કર્યું હતું અને મૃતકના પરિવારોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની વળતરની જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રીની કચેરીએ એક્સ પોસ્ટમાં લખ્યું હતું કે "જેમણે તેમના પ્રિયજનોને અલ્મોડામાં ગુમાવ્યા છે તેમના પ્રત્યે, મારી સંવેદના. આ સાથે, હું ઇજાગ્રસ્તોને ઝડપથી કુશળતાની કામના કરું છું.

રાજ્ય સરકારની દેખરેખ હેઠળ, સ્થાનિક વહીવટ રાહત અને બચાવના દરેક સંભવિત પ્રયત્નોમાં વ્યસ્ત છે. અલ્મોડા અકસ્માતમાં માર્યા ગયેલા દરેક વ્યક્તિના પરિવારોને ૨ લાખ રૂપિયા, અને ઇજાગ્રસ્તોને 50-50 હજાર રૂપિયા આપવામાં આવશે.

રાષ્ટ્રપતિએ પણ આ અકસ્માતમાં મોતને ભેટેલા લોકો પ્રત્યે સંવેદના વ્યકત કરી અને ઇજાગ્રસ્તોને ઝડપથી સ્વસ્થ થાય તેવી કામના કરી હતી.

## PRESIDENT- AVIATION WOMEN MEET

કેન્દ્રના પ્રયત્નોને કારણે, મોટી સંખ્યામાં મહિલાઓ કારકિર્દી તરીકે ઉડ્ડયન ક્ષેત્ર પસંદ કરી રહી હોવાનું  રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે કહ્યું હતું. "પ્રેસીડેન્ટ વિથ પીપલ" પહેલ હેઠળ ઉડ્ડયન ક્ષેત્રની મહિલાઓ સાથે આજે રાષ્ટ્રપતિભવન ખાતે બેઠક યોજાઇ હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ”ઉડ્ડયન ઉદ્યોગમાં મહિલાઓની ભાગીદારીમાં વધારો કરવા સમાન તકો પણ જરૂરી છે. તેમણે કહ્યું કે, ભારતના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રની મહિલાઓ વિવિધ કામગીરી અને તકનીકી ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. હવાઈ ટ્રાફિક નિયંત્રકોના 15 ટકા મહિલાઓ છે. 11 ટકા ફ્લાઇટ ડિસ્પેચર મહિલાઓ છે અને 9 ટકા એરોસ્પેસ એન્જિનિયર્સ મહિલાઓ છે.” તેમણે કહ્યું કે,”ગયા વર્ષે વ્યાપારી લાઇસન્સ મેળવનારા 18 ટકા પાઇલટ્સ મહિલાઓ હતી. આ બેઠકમાં રાષ્ટ્રપતિએ સફળ મહિલાઓને અન્ય મહિલાઓ માટે માર્ગદર્શિકા બનવા અને તેમની કારકિર્દી પસંદ કરવા અને તેમના સપનાને સાકાર કરવા પ્રોત્સાહિત કરવા વિનંતી કરી હતી.

## BY POLL DATE

કેરળ, પંજાબ અને યુપીમાં ચૂંટણીની તારીખમાં ફેરફાર કરાયો છે. હવે  આ રાજ્યોમાં 13 ને બદલે 20 નવેમ્બરના રોજ મતદાન કરવામાં આવશે. ચૂંટણી પંચે ત્રણ રાજ્યોમાં 14 વિધાનસભાની બેઠકોની ચૂંટણીઓ સાથે, સંબંધિત મતદાનની

તારીખો બદલી છે..જે બેઠકોની ચૂંટણીની તારીખ બદલાઈ ગઈ છે તેમાં કેરળના પલક્કડ, પંજાબના ડેરા બાબા નાનક, છબ્બેવાલ, ગિદડબાહા, બાર્નાલા, ઉત્તરપ્રદેશના મીરાપુર, કુંદરકી, ગાઝિયાબાદ ખૈર કરહલ, શીશામાઉ, ફુલપુર, કટેહરી અને મજવાંનો સમાવેશ થાય છે

તારીખ બદલવા અંગેનુ કારણ આપતા ચૂંટણી પંચે કહ્યું કે, વિવિધ માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના રાજકીય પક્ષો એવા ભાજપ, કોંગ્રેસ, બીએસપી, આરએલડી સહિતની રજૂઆત મળી હતી કે. તે દિવસે એક વિશાળ - સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો હશે. જેને કારણે મતદાનની ટકાવારી ઘટી શકે છે. આ કારણને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે તારીખો બદલી હતી.

## PM - JHARKHAND

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ આરોપ લગાવ્યો છે કે હેમંત સોરેનના નેતૃત્વ વાળી સરકારે પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન ઝારખંડના લોકોને છેતર્યા છે. આજે ગઢવાના ચેતના મેદાનમાં ચૂંટણી સભાને સંબોધતા મોદીએ કહ્યું કે, જેએમએમ, કોંગ્રેસ અને આરજેડીએ ખોટા વચનો આપ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભાજપ ઝારખંડની સુરક્ષા, સ્થિરતા અને સમૃદ્ધિની ગેરંટી સાથે ચૂંટણી મેદાનમાં ઉતરી છે.

ચાઈબાસામાં વિજય સંકલ્પ સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, કેન્દ્ર સરકારે રાજ્યભરના આદિવાસીઓને સશક્ત કર્યા છે પરંતુ હેમંત સોરેનની આગેવાનીવાળી સરકારે તેમનું અપમાન કર્યું છે. PMએ કહ્યું, ઝારખંડમાં ચૂંટણી એવા સમયે યોજાઈ રહી છે જ્યારે સમગ્ર દેશ વિકસિત ભારત બનવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે.

શ્રી મોદીએ બાંગ્લાદેશી ઘૂસણખોરોને કથિત રીતે સમર્થન આપવા બદલ ઝારખંડમાં જેએમએમના નેતૃત્વવાળા ગઠબંધનની ટીકા કરી હતી. શ્રી મોદીએ કહ્યું કે, ઝારખંડમાં તુષ્ટિકરણની રાજનીતિ ચરમસીમાએ પહોંચી ગઈ છે

(બાઇટ- નરેન્દ્ર મોદી ,પ્રધાનમંત્રી)

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## US PREZ POLLS

અમેરિકામાં આવતીકાલે તેના 47માં રાષ્ટ્રપતિ માટે મતદાન થશે. રિપબ્લિકન ઉમેદવાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટિક ઉમેદવાર અને ઉપપ્રમુખ કમલા હેરિસ વચ્ચે ટોચના પદ માટે રસાકસીભર્યો ચૂંટણી જંગ છે.

યુ.એસ.માં આવતીકાલે ભારતીય સમય અનુસાર સાંજે 5.30 થી 7.30 વાગ્યાની વચ્ચે મતદાન શરૂ થશે. મતદાન બંધ થતાં ચૂંટણીના પરિણામો માટે મતગણતરી શરૂ થશે.. પરંતુ આગામી યુએસ પ્રમુખ કોણ હશે તે જાણવામાં દિવસો લાગશે.

આજે પ્રચારના અંતિમ દિવસે, રાષ્ટ્રપતિ પદના ઉમેદવારો ઉપરાઉપરી રેલીઓ યોજી રહ્યા છે, જેમાં પેન્સિલવેનિયા અને મિશિગનના નિર્ણાયક રાજ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. હેરિસ પેન્સિલવેનિયાના એલેન્ટાઉન, પિટ્સબર્ગ અને ફિલાડેલ્ફિયા શહેરોમાં છેલ્લીઘડીનો પ્રચાર કરી રહ્યા છે. બીજી તરફ, ટ્રમ્પ પેન્સિલવેનિયા અને મિશિગનમાં રેલી કરતાં  પહેલા ઉત્તર કેરોલિનામાં હશે.

યુનિવર્સિટી ઓફ ફ્લોરિડાની ચૂંટણી લેબ અનુસાર, 78 મિલિયનથી વધુ અમેરિકનો પહેલેથી જ મતદાન કરી ચૂક્યા છે,

## MAHARASTRA DGP

મહારાષ્ટ્રમાં ચૂંટણી પંચે, ડીજીપી રશ્મી શુક્લા વિરુદ્ધ ફરિયાદો પ્રાપ્ત થયા બાદ બદલીનો આદેશ આપ્યો છે. ચૂંટણી પંચના આદેશ પર, મહારાષ્ટ્રના મુખ્ય સચિવએ સોમવારે, સ્ટેટ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ રશ્મી શુક્લાને તાત્કાલિક અસરથી સ્થાનાંતરિત કર્યા હતા. નવી નિમણૂક ન થાય ત્યાં સુધી, ડીજીપીનો વધારાનો કાર્યભાર મુંબઇ પોલીસ કમિશનર વિવેક ફલસણકરને સોંપવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી 20 નવેમ્બરના રોજ યોજાવાની છે અને 23 નવેમ્બર નારોજ મતોની ગણતરી યોજાશે. ચૂંટણી પંચે, અનેક ફરિયાદોને ધ્યાનમાં રાખીને રાજ્યના મુખ્યસચિવને આદેશ આપ્યો હતો કે, ડીજીપીના પદ પરથી રશ્મી શુક્લાને તાત્કાલિક હટાવો. ચૂંટણી પંચે

બુધવારે બપોરે 1 વાગ્યા સુધીમાં આ પોસ્ટ પર નિમણૂક માટે, ત્રણ આઈપીએસ અધિકારીઓના નામ મોકલવાનો નિર્દેશ પણ આપ્યો છે.

## TABEL TENNIS WTT

ગુજરાતના ખેલાડી હરમીત દેસાઈએ આજે વેનેઝૂએલા ખાતે વિશ્વ ટેબલ ટેનિસ ફિડર કારાકાસ સ્પર્ધામાં 2 ખિતાબ જીત્યા છે. હરમીત દેસાઈએ પુરુષ સિંગલ્સ અને મિશ્ર ડબલ્સ બંનેમાં જીત મેળવી છે.

મિશ્ર ડબલ્સમાં હરમીત દેસાઈ અને તેમનાં જોડીદાર કૃત્વિકા રોયે ક્યૂબાના જ્યૉર્જ કેમ્પૉસ અને ડેનિએલા ફૉન્સેકા કેરાઝાનાને 3—2થી હરાવ્યાં હતાં. આ પહેલા તેઓ ચીનના વાન્ગ કાઈબૉ અને લિયૂ શિનરાનને સીધા સેટમાં હરાવીને ફાઈનલમાં પહોંચ્યાં હતાં.

હરમીત દેસાઈએ પુરુષ સિંગલ્સમાં ફ્રાન્સના જો સેફ્રાઈડને 3—0થી હરાવ્યા હતા. આ પહેલા તેઓ પોર્ટુગલના જોઆઓ મૉન્ટોઈરોને હરાવીને ફાઈનલમાં પહોંચ્યા હતા.

## AGRA PALNE CRESH

આગ્રા નજીક એરફોર્સ એમઆઈજી-29 ફાઇટર પ્લેન ક્રેશ થયું  હતું જોકે  પાઇલટ સલામત હોવાના અહેવાલ મળ્યાં છે. એરફોર્સ એમઆઈજી -29 ફાઇટર વિમાને પંજાબના આદમપુરથી ઉડાન ભરી હતી અને અભ્યાસ માટે આગ્રા જઇ રહ્યું હતુ. જોકે આગ્રા નજીક તે દુર્ઘટનાગ્રસ્ત બન્યું હતું. અકસ્માત પહેલા, વિમાનના પાઇલટ સહિત બે લોકો સલામત રીતે કૂદી જતાં તેમનો જીવ બચી ગયો હતો.. વિમાન ક્રેશ થતાં જ તેમાં આગ લાગી ગઈહતી. અકસ્માત અંગેની વિગતવાર માહિતીમેળવવા માટે કોર્ટ ઓફ ઇન્કવાયરીનો આદેશ અપાયો છે.